-:: પ્રેસ નોટ ::-

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" મગફળી GJG-32 સર્ટિફાઈડ/ટ્રુથફૂલ બિયારણનું વેચાણ

## તા.૩૦/૦૪/૨૦૨૫થી વહેલા તે પહેલાના ધોરણે શરૂ થનાર છે.

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૫ ઋતુમાં વાવેતર માટે **મગફળી GJG-32 સર્ટિફાઈડ/ટ્રુથફૂલ** બિયારણનું વેચાણ ચાલુ દિવસો દરમ્યાન સવારના ૮:૩૦ થી ૧૨:૦૦ તથા બપોરના ૩:૦૦ થી ૫:૩૦ સુધી સીડ હબ ગોડાઉન, ગેટ નંબર-૩ ની પાસે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતેથી તા.૩૦/૦૪/૨૦૨૫થી વહેલા તે પહેલાંના ધોરણે શરૂ થનાર છે. મગફળીની GJG-32 જાતના બિયારણનો જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી સબસીડીમાં બે હેક્ટરની મર્યાદામાં મગફળીમાં ૧૦ બેગ (૩૦૦ કિ.ગ્રા. ડોડવા) સુધી મળવાપાત્ર થશે. મગફળીના સર્ટીફાઈડ બિયારણમાં સબસીડી સહાય મેળવવા માટે બિયારણ ખરીદ કરવા આવો ત્યારે સાથે પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, જમીનનો ૮-(અ) નો તાજો અસલ દાખલો (છ મહિનાથી જૂનો દાખલો ચાલશે નહીં), બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ (અરજદારનો ખાતા નં. અને બેંકનો IFSC નંબર વંચાય તેવો હોવો જોઈએ) અથવા કેન્સલ ચેક સાથે રજુ કરવાના રહેશે. ઉપરોકત બધા પુરાવામાં ખેડૂત ખાતેદારની અટક અને નામ એક સરખા હોવા જરૂરી છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૫૦૭૦ તથા ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | સબસીડી સહાય વિનાનો મૂળ વેચાણ ભાવ | સબસીડી સહાય બાદનો આખરી વેચાણ ભાવ |
|---|---|---|---|
| મગફળી (GJG-32) | સર્ટીફાઈડ | રૂ.૩૦૦૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) | રૂ.૧૮૦૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) |
| મગફળી (GJG-32) | ટ્રુથફૂલ | રૂ.૧૮૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | સબસીડી સહાય નથી |

તારીખ:- ૨૫/૦૪/૨૦૨૫
સ્થળ:- જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧